૧૩/૦૧/૨૦૨૧

પ્રતિ,
ઝોનલ ઓફીસરશ્રી,
સાઉથ વેસ્ટ ઝોન વહીવટી ભવન,
અઠવાલાઇન્સ,
સુરત.

**વિષય : મંજુર થયેલ ગવિયર ડ્રાફટ ટી.પી.સ્કીમ નં. ૩૧ અને ૩૨ તથા ડુમસનાં ૭૬, ૭૭, ૭૮, ૮૧ અને ૮૨ ના રોડ ડેવલોપ કરવા બાબત...**

મહેરબાન સાહેબશ્રી,

સવિનય સહ જણાવવાનું કે ઉપરોકત વિષયમાં બતાવેલ ટી.પી.સ્કીમનો એરીયા સુરતમાં રહેણાંક વિસ્તાર બની શકે તેવી ખુબ જ ઉજળી તકો ધરાવે છે અને સુરત સીટીથી ખુબ જ નજીકનો એરીયા થાય છે જેથી ત્યાં ઇન્ફ્રાસ્ટ્રકચર તૈયાર કરવામાં આવે તો સુરતના વિકાસને વધુ વેગ મળે તેમ છે. મંજુર થયેલ ગવિયર ડ્રાફટ ગવિયરનાં ટી.પી.સ્કીમ નં.૩૧ (ગવિયર-મગદલ્લા) તથા ૩૨(ગવિયર-વાંટા-ડુમસ) અને ડુમસનાં ટી.પી.સ્કીમ નં. ૭૬(ડુમસ-વાંટા-ગવિયર), ૭૭(ડુમસ-ભીમપોર-ગવિયર), ૭૮(ડુમસ-ભીમપોર-ગવિયર), ૮૧(ડુમસ) અને ૮૨(ડુમસ)નાં ડ્રાફટ સ્કીમ પ્રમાણેના રસ્તાઓ ખુલ્લા કરીને ત્યાં પાયાની માળખાગત સુવિધાઓ જેવી કે પાણી, ગટર, સ્ટ્રીટ લાઇટ વગેરે જેવી સુવિધા શરૂ થાય તે ખુબ જ જરૂરી છે.

સુરતનાં તમામ નાગરિકો સુરત મહનગરપાલિકાનાં કામોથી વાકેફ છે અને લોકોની સુવિધા અંગેના કામો સારી રીતે થયાં છે તેની ક્રેડાઇ સુરતે પણ નોંધ લીધી છે. અમો ક્રેડાઇ સુરત આપના આભારી છીએ તેમજ આ વિકાસલક્ષી કામ કરવા માટે જયાં પણ ક્રેડાઇ સુરતનાં સહયોગની જરૂર પડે તો અમોને રૂબરૂ તથા લેખિત જાણકારી આપશો તો અમોને આનંદ થશે.

**લિ. આપના વિશ્ર્વાસુ**

| | | |
|---|---|---|
| **સુરેશ પટેલ** | **રવજીભાઇ પટેલ** | **વિજય ધામેલિયા** |
| **ચેરમેન** | **પ્રમુખ** | **માનદ્મંત્રી** |
| **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** | **ક્રેડાઇ સુરત** |